**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૨૧ ટકા

# સેક્ટર-૧માં સ્વયંભુ લૉકડાઉનનો કડક અમલ








ગાંધીનગર, તા.૨૯

કોરોનાએ હવે ગાંધીનગરમાં પગપેસારો કર્યો છે ત્યારે ગાંધીનગરાઓ વધુ સજાગ અને સતર્ક થઈ રહ્યા છે. જે સંદર્ભે ગાંધીનગરના પ્રવેશદ્વારે આવેલા સેક્ટર-૧ના યુવાનોએ સ્વયંભૂ રીતે પોતાના સેક્ટરમાં લૉકડાઉનનું જડબેસલાક રીતે પાલન શરુ કરાવ્યું છે.

કોરોનાના કેસ નગરમાં વધી રહ્યા છે આ બાબતને ધ્યાનમાં લઈ ને અમુક સેક્ટરને બફર ઝોન કરાવાયા છે અને શહેરના ચ રોડ પર પ્રવેશ નિષેધ કરવામાં આવ્યો છે. ત્યારે ચ રોડ પર જ આવેલા સે-૧ ના તમામ પ્રવેશદ્વારો પર ઉત્સવ સમિતિના યુવાનોએ જાતે જ આડશો ઊભી કરીને પ્રવેશદ્વારો બંધ કરી દીધા છે. સેક્ટર-૧ માં માત્ર ગાયત્રી મંદિર સામેના ચ-માર્ગ પરથી જ મેળવી શકાય છે. ત્યાં પણ ઉત્સવ સમિતિના સક્રિય અને સેવાભાવી યુવાનો પહેરો ભરે છે. બહારથી આવતા




નાગરિકોને યોગ્ય પૂછપરછ કરીને પછી જ પ્રવેશ અપાય છે. સેક્ટરમાં નિયમિત આવતા શાકભાજીવાળાઓ અને અન્ય ફેરિયાઓને જ સુરક્ષાના પૂરતા પ્રાવધાન પછી જ પ્રવેશ અપાય છે. પ્રવેશ દ્વારે સેનિટાઈઝર વગેરે મુકવામાં આવ્યા છે. બિનજરૂરી અવરજવર ન થાય તેની પુરી તકેદારી રાખવામાં આવી રહી છે.

આ કાર્ય સાથે જોડાયેલા સમિતિ સભ્યોનું કેહવુ છે કે, લૉકડાઉનના આ સમયગાળામાં મોટાભાગના લોકો હવે બેજવાબદાર વર્તન કરી રહ્યા છે, ત્યારે આવી સુરક્ષા અને સાવધાની અત્યંત આવશ્યક છે. સેક્ટર-૧ ના યુવાનો જેવી તકેદારી અને સંભાળ તમામ સેકટર રાખતા થશે તો આપણે ગાંધીનગરાઓ કોરોનાને ગાંધીનગરમાં ઘૂસતો ચોક્કસ અટકાવી શકીશું. નાગરિકોના આવા સહિયારા અને સ્વૈચ્છિક પ્રયાસોની તાતી આવશ્યકતા છે.

## શહેર, ન્યુ ગાંધીનગર અને ગ્રામીણ વિસ્તારમાંથી બિનજરુરી ફરતા ૯૮ નાગરિકો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૯

રાજયમાં કોરોનાએ અજગરી ભરડો લેવાનું શરુ કર્યું છે. રાજયના પાટનગરમાં પણ કોરોનાએ બિલ્લી પગે પેસારો કરતા ૩૫ થી વધુ કોરોનાના પોઝીટીવ કેસ સામે આવ્યા છે. શહેરના સેકટરોમાં પણ કોરોના ઘુસી જતા કેટલાક સેકટરના ભાગ પણ કન્ટેન્મેન્ટ જાહેર કરાયા છે. ત્યારે ન્યુ ગાંધીનગર શહેરની સોસાયટી, ફ્લેટ અને બંગ્લોઝમાં રહેતા નાગરીકોની સ્વયંશિસ્તને પગલે અહીં સ્થિતિ સારી છે. ત્યારે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ કેટલાક નાગરીકો કોરોનાની ગંભીરતા સમજી રહ્યા નથી અને બિન જરુરી કામ વિના આંટાફેરા મારે છે અને ટોળુ વળીને બેસી રહેતા નજરે પડે છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા આ ન્યુ વિસ્તારમાં સપાટો બોલવતા પાંચ સોસાયટીના ૨૬ રહીશોને પકડી પાડીને જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. પોલીસે કુડાસણ વિસ્તારમાં રાધે ક્રિસ્ટલ સોસાયટી પાસે બેઠેલા શૈલેષભાઈ મોદી, અતુલકુમાર પટેલ, સૌમ્ય રેસીડેન્સી પાસેથી અરૂણ પ્રજાપતિ, તેમજ સરદાર ચોક પાસે ઉભેલા ગ્રીષ્માબેન રાજપૂત (શુભ આરંભ રાંદેસણ), ગૌરવ મોહંતી (શ્રીરંગ નગર), શાહિલ ટાંક (ઈન્ફોસીટી ટાઉનશીપ), રણછોડ વણઝારા (ધોળાકુવા)ને પકડી પાડ્યા હતા. શ્રીફલ હાઈટ્સ ફ્લેટના કમ્પાઉન્ડમાં પાંચ રહીશો બેઠા હતા. જેમાં ચેતનભાઈ પટેલ, રમેશ પટેલ, સચિન પટેલ, મહેન્દ્ર પટેલ, હાર્દિક પટેલનો સમાવેશ થાય છે. જુના કોબા પાસે આવેલા બંસરી એલીગન્સ ફ્લેટ ખાતેથી ત્રણ વિવિધ સમયે પોલીસે ૧૪ નાગરીકોને પકડી પાડ્યા છે. જેમાં દિપક પટેલ, નિકુંજ પટેલ, આશિષ પટેલ, પ્રવિણ પટેલ, પ્રશાંત પટેલ, અશોક પટેલ, ધવલ પટેલ, નિકુંજ પટેલ, સ્મિત પટેલ, ચિરાગ પટેલ, સુરેશ પટેલ, મિનેશ પટેલ, ભુપેન્દ્ર પટેલ અને સચિન પટેલનો સમાવેશ થાય છે.

જયારે ગાંધીનગર શહેરમાં કોરોનાએ હાહાકાર મચાવતા તાલુકા પોલીસે ફરી સપાટો બોલાવ્યો છે. શહેરી-ગ્રામીણ વિસ્તારમાંથી બિનજરુરી કામ વિના ફરતા ૯૮ નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ નોંધાઈ છે. જેમાં ગીયોડ ગામે ગાયત્રી કિરાણા સ્ટોર ખુલ્લુ રાખનાર ગાભુભાઈ રણછોડભાઈ પટેલ, ઈસનપુર મોટા ગામે પંકજ કીરાણા સ્ટોર્સ નામની દુકાનમાં ગુટખાનો વેપાર કરતા જગદીશભાઈ રામચંદ્ર શાહ (રહે. દહેગામ), કુડાસણ શિવાલય ફ્લેટની સામે માસ્ક વિના શાકભાજીનું વેચાણ કરતા સુનિલ હરેશભાઈ મંગતાણી, અને ઘનશ્યામ ભોજરામ યાદવ તે ઉપરાંત ઝુંડાલ, અડાલજ, રાંધેજા, પેથાપુર પાસેથી કુલ ૫ રીક્ષા ચાલકો, ઝુંડાલથી ૧, ઉવારસદ પાસેથી ૧, ઈસનપુર મોટાથી ૫, ડભોડા ચાવડાનગરથી ૧, વાંકાનેરડા ભાગોળથી ૧, ડભોડા ભાગોળથી ૨, રાયસણ ગામેથી ૪, પેથાપુરથી ૮, સેકટર-૨૪ ખાતેથી ૫ વિવિધ જગ્યાએથી મળીને કુલ ૧૭, ખ-૬ સર્કલ પાસેથી ૧, સેકટર-૨૭ થી ૧, આદિવાડાથી ૪, સે-૩૦ કટ પાસેથી ૨, સે-૨૫ સુર્યનારાયણ સોસાયટી પાસેથી ૨, ચરેડી છાપરા પાસેથી ૩, વાવોલથી ૩, સે-૬ થી ૨, કુડાસણમાં ત્રણ સ્થળેથી ૧૨ અને જુના કોબા ખાતેથી ૧૪ નાગરીકોને બિનજરુરી બેઠેલા કે ફરતા પકડી પાડીને ગુનો નોંધ્યો છે.

## કુડાસણના શ્યામાપ્રસાદ મુખર્જીનગરમાં કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે પ્રવેશબંધી

ગાંધીનગર, તા. ૨૯

વર્તમાન પરિસ્થિતિમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસોની સંખ્યા ગાંધીનગરના વિવિધ સેકટર્સમાં વધી રહી છે. હજુ થોડા દિવસ પહેલા ગાંધીનગર કોરોના મુક્ત શહેર બન્યું હોવાનું શહેરના મેયર તથા વહીવટી તંત્ર દ્વારા જશ ખાટવામાં આવી રહ્યો હતો. જોકે ગણતરીના દિવસોમાં જ શહેરમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થતાં મનપા સહિત સમગ્ર વહીવટી તંત્ર ચિંતિત બન્યું છે. આ પરિસ્થિતિમાં વિવિધ સોસાયટીના જાગૃત રહીશો દ્વારા હવે વહીવટી તંત્રને ભરોસે બેસી રહેવાને બદલે પોતાની જાતે જ જાગૃત થઈને પોતાની સુરક્ષા કરવાનો નિર્ણય કરવામાં આવી રહ્યો છે. શહેરના સેક્ટર એકમાં જાગૃત યુવાનો દ્વારા સેક્ટરના પ્રવેશ માર્ગો પર નાગરિકોની અવરજવર પર દેખરેખ રાખવાનું શરૂ કરવામાં આવ્યું છે તે સાથે ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં શ્યામાપ્રસાદ મુખર્જી નગર સોસાયટીમાં પણ રહીશો દ્વારા સોસાયટીના સભ્યોની દરકારના ભાગરૂપે હોટલ સત્કાર સામેનો સોસાયટીનો દરવાજો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમજ સોસાયટીના સભ્યો સિવાય બહારના નાગરિકોના સોસાયટીમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ સાથે જ્યાં સુધી લોકડાઉન પતે નહીં ત્યા સુધી સોસાયટીમાં આ પ્રવેશબંધી અમલમાં રહેશે તેવો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.



લૉકડાઉનના સમયમાં લોકો ઘરમાં પુરાઈ રહ્યા છે અને ટીવી અને મોબાઈલમાં સમય પસાર કરી રહ્યા છે. આ સમયગાળામાં એવા ઘણા સર્જનાત્મક વ્યકિતઓ છે જેઓ પોતાનો સમય સર્જનાત્મક કાર્યોમાં પસાર કરી અદભૂત ચીજવસ્તુઓ અને કલાકૃતિઓનું નિર્માણ કરી રહ્યા છે. સેકટર-૫-સીમાં રહેતા રાજેન્દ્રકુમાર બી. ચૌહાણની પુત્રી નિશા ચૌહાણે ન્યુઝપેપરનો ઉપયોગ કરીને પેડલ રીક્ષા અને પુંઠામાંથી સરસ મજાની ગાડી બનાવી છે. ખૂબ જ સર્જનાત્મક એવા નિશાબેને લૉકડાઉનના સમયગાળામાં આવી અનેક કલાકૃતિઓ બનાવી છે.

## ગુજરાત સ્થાપના દિને ઓનલાઇન ગુજરાતી કવિ સંમેલનનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ખાતેથી ગુજરાત રાજ્યના સ્થાપના દિન તા.૧લી મે શુક્રવારના રોજ ગુજરાતના પનોતા પુત્ર અને રાષ્ટ્રપિતા ‘મહાત્મા ગાંધી’ના જીવન પર આધારિત કવિતાઓનું ઓન લાઈન ગુજરાતી કવિ સંમેલન યોજી રાષ્ટ્રપિતાને સમ્માન આપવા સાથે રાજ્યના સ્થાપના દિવસની ઊજવણીનો હેતુ રાખી નિ:શુલ્ક આયોજન કરવામાં આવ્યું છે. આ ઓનલાઈન ગુજરાતી કવિ સંમેલનમાં સામેલ થનાર કૃતિના કવિ-લેખકનું સન્માન પણ આયોજકો દ્વારા કરવામાં આવશે અને શક્ય હશે તો સંમેલનમાં પ્રસ્તુત કવિતાઓનું પુસ્તક પણ પ્રકાશિત કરવામાં આવશે તેવી જાહેરાત આયોજકો દ્વારા કરવામાં આવી છે.

ઓનલાઈન ગુજરાતી કવિ સંમેલનનું આયોજન ગાંધીનગરની મહાત્મા ગાંધી સાહિત્ય સભા દ્વારા કરવામાં આવ્યું છે. આ કવિ સંમેલનમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે અને અત્યાર સુધીમાં ૨૬ જેટલા કવિઓનું રજિસ્ટ્રેશન થઈ ચૂકયું છે. આ કવિ સંમેલનને સફળ બનાવવા માટે સંસ્થાના અધ્યક્ષ ડો.ગુલાબચંદ પટેલ તથા સંયોજક રમેશભાઈ મુલવાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

## ખડે પગે સેવા આપતા પોલીસકર્મીઓ માટે સે-૨૭ના યુવાનોની ચા-નાસ્તા સેવા



ગાંધીનગર, તા. ૨૯

કોરોના વાયરસ સંક્રમણ સામેની લડતમાં ભારતને જો કોઈ સાચી તાકાત હોય તો તે કોરોના વોરિયર્સ તરીકે જાણીતા બનેલા લડવૈયાઓ છે. ગાંધીનગરમાં કોરોના વોરિયર્સ તરીકે ખડે પગે છે આપી રહેલા પોલીસ તથા સુરક્ષા જવાનો સતત તેમની ફરજ નિભાવવાથી જ્યારે કંટાળાનો ભોગ બનતા હોય છે જેને અનુલક્ષીને ગાંધીનગરના સેક્ટર-૨૭ના સેવાભાવી યુવાનો દ્વારા આ પોલીસકર્મીઓ માટે ચા નાસ્તાની સેવા પૂરી પાડવામાં આવી હતી.

કોરોના વાયરસની વૈશ્વિક મહામારીના કપરા અને જોખમી સમયમાં જે પોલીસ જવાનો શહેરીજનોની સુરક્ષા માટે રાત-દિવસ પહેરો આપે છે અને અત્યારે આકાશેથી વરસી રહેલી ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે તેમના માટે સેક્ટર-૨૭ની ગાયત્રી નગર સોસાયટીમાં વસવાટ કરતા યુવાનો દ્વારા ચા-નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય થકી કોરોના વોરિયર્સ સમા પોલીસ જવાનોને સન્માન સહિત તેમનો આભાર માનવાનો પણ એક પ્રયાસ રહેલો છે. આ સેવા કાર્યમાં સ્મિત પટેલ, બ્રીજેશ શર્મા, રાજ ડોડીયા, મીત રાવલ જેવા યુવાનનો જોડાઈને શહેરના યુવાધન માટે પ્રેરણારૂપ બન્યા છે.

### ચિરવિદાય

- સ્વ. ઠાકોર રઈબેન ભીખાજી, ઉ.વ. ૭૦
- સ્વ. જયોતિ સુરેશભાઈ સોલંકી, ઉ.વ. ૧૬
- સ્વ. શ્રીધર રાજકુમાર ગુપ્તા, ઉ.વ. ૧૯
- સ્વ. પ્રેમાદેવી રામસુરત વર્મા, ઉ.વ. ૫૮

# મગોડીના રાહેલબા વૃદ્ધાશ્રમના વડિલોની વ્હારે આવ્યો વાવોલનો યુવાન







ગાંધીનગર, તા. ૨૯

કોરોના કટોકટીમાં રાજ્યભરમાં જરૂરિયાતમંદ વર્ગના શ્રમિકો માટે સરકાર દ્વારા વિના મુલ્યે અનાજ કરિયાણું પુરું પાડવા સહિત અનેક સેવાભાવી નાગરિકો તથા સંસ્થાઓ તેઓ ભૂખ્યાં ના રહે તે માટે દિવસ રાત કાર્યરત બની છે. જો કે ગાંધીનગર શહેરથી અંદાજિત વીસેક કિલોમીટર દૂર મગોડી ખાતેના રાહેલબા વૃદ્ધાશ્રમમાં પચાસ જેટલા વયોવૃદ્ધ નિરાધાર વડીલો આશ્રય લઈ રહ્યા છે પરંતુ વૃદ્ધાશ્રમના સંચાલકો માટે આ વડીલોને ખવડાવવા પીવડાવવા સહિતની તમામ જવાબદારીને નિભાવવામાં મુશ્કેલી પડી રહી છે અને રાજ્ય સરકાર કે જિલ્લા વહીવટી તંત્ર તો આ વૃદ્ધાશ્રમને મદદ કરવામાં ઉણું ઉતર્યુ જ છે પરંતુ લૉકડાઉનને કારણે આ સંસ્થાને દાતા મેળવવામાં પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આવા સમયે વાવોલ ખાતે રહેતો એક યુવાન વડીલોની વહારે આવ્યો છે અને સોશિયલ મીડિયાના માધ્યમ થકી તેણે મદદની ગુહાર લગાવી આ વૃધ્ધાશ્રમને અનાજ-કરીયાણાની વ્યવસ્થા પૂરી પાડી સેવાનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે.

કોરોના વાયરસ સંક્રમણના પગલે લૉકડાઉનની સ્થિતિમાં નાગરિકો પોતપોતાના ઘરોમાં રહેવા મજબૂર બન્યા છે. આ પરિસ્થિતિમાં પોતાના ઘરેથી વિખુટા પડેલા વડીલો જેઓ વૃદ્ધાશ્રમના સહારે પોતાનું શેષ જીવન વિતાવી રહ્યા છે તેમને પણ વૃદ્ધાશ્રમ સંકુલમાં જ પૂરાઈ રહેવાનો વારો આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના મગોડી ગામ ખાતે રાહેલબા વૃદ્ધાશ્રમમાં અંદાજે પચાસ જેટલા નિરાધાર વડીલો આશ્રય લઈ રહ્યા છે જેમાંથી કેટલાક તો જિલ્લા પોલીસ તંત્રને મળી આવેલ બિનવારસી વડીલો છે જેઓ વૃદ્ધાવસ્થા અથવા તો માનસિક રોગને કારણે પોતાની ઓળખ સુદ્ધા ગુમાવી ચૂક્યા છે. આ આમ છતાં આ વૃદ્ધાશ્રમના સંચાલકો દ્વારા આ તમામ વડીલોની દિવસ રાત સેવા-સુષુશ્રા કરવામાં આવે છે પરંતુ તેનો સંપૂર્ણ આધાર એ દાતાઓના દાન પર રહેલો છે. લૉકડાઉનના કારણે વૃદ્ધાશ્રમની મુલાકાતે આવતા મુલાકાતીઓ બંધ થઈ ગયા છે તથા તિથી ભોજન પૂરું પાડનારા દાતાઓ પણ અત્યારે પ્રાપ્ત નથી થઈ રહ્યા. આ સ્થિતિમાં આટલા બધા વડીલોને નિભાવવાનું વૃદ્ધાશ્રમના સંચાલકો માટે કપરૂ કાર્ય બની રહ્યું છે. આ સ્થિતિમાં ગાંધીનગરના વાવોલ ખાતે રહેતા અને મૂળ મગોડી ગામના જ વતની એવા રાજદીપસિંહ બિહોલાને આ વાતની જાણ થતાં તેમણે આ વૃદ્ધાશ્રમના વડીલોની મદદ કરવાનો નિશ્ચય કર્યો હતો. વાવોલમાં વિવિધ યુવા, સામાજીક તથા સેવાકીય અગ્રેસર એવા ‘રાજા’ના હુલામણા નામથી ઓળખાતા યુવા સ્વયંસેવી રાજદીપસિંહ બિહોલાએ સોશ્યલ મિડીયા પર ગુહાર લગાવી પોતાના મિત્રો પાસે દાદાની અપીલ કરી હતી જેના પગલે બે-ત્રણ દિવસમાં રૂ.૨૦ હજારનું દાન એકત્ર થઈ જતાં તેમણે તે રકમનું વૃદ્ધાશ્રમના સંચાલકોએ દર્શાવેલ જરૂરીયાત અનુસાર અનાજ-કરિયાણું પુરું પાડ્યું હતું. આ સાથે રાજદિપસિંહ બિહોલા હવે નિરાધાર વિધવા વૃદ્ધાઓને અનાજ-કરિયાણાની કીટ પુરી પાડવાનું પણ આયોજન કરી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજદિપસિંહ બિહોલા ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ સાથે પણ સંકળાયેલા છે.